<u>**ફોજદારી કેસ.નં. ૮૯૨૪૧/૨૦૨૧ ના કામમાં આંક–૦૧ લગત હુકમ**</u>

પોકાર કરતા આરોપી કે તેના વિ.વ.શ્રી હાજર નથી, ફરિયાદી તથા તેના વિ.વ.શ્રી હાજર નથી. તેમના તરફથી કોઈ મુદત અરજી કે આરોપીનું નવું સરનામું રજુ નથી. રેકર્ડ વંચાણે લેતાં, ફરિયાદ પક્ષને અનેક તક મળવાં છતાં લાબા સમયથી આરોપીનું નવું સરનામું રજુ કરેલ નથી કે આરોપીને સમન્સ રીઈસ્યુ કરવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. રેકર્ડ જોતાં સદરહું ફરિયાદ ફરિયાદીએ આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એક્ટની **કલમ–૧૩૮** હેઠળ દાખલ કરેલ છે અને રોજકામ જોતાં હાલનું કામ ઘણા લાંબા સમયથી આરોપીના સમન્સ બજવણીના સ્ટેજે ચાલતુ હોવાછતાં ફરિયાદીએ હાજર રહી પોતાનો કેસ આગળ ચલાવવા કે નવું સરનામું રજુ કરવા કોઈ દરકાર લીધેલ નથી. વળી નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ડાયરેક્શન ધ્યાને લેતાં જુના કેસોનો વહેલી તકે ન્યાયીક નિકાલ કરવા સુચનો આપેલા છે, તે પ્રમાણે પણ ફરિયાદીએ હાલના કેસમાં ઘણા લાંબા સમયથી આરોપીને હાજર કરાવવા એટલે કે, આરોપીનું નવુ સરનામું રજુ કરવા કે આરોપીને સમન્સ રીઈસ્યુ કરવા માટે કોઈ પ્રયત્ન કરેલા નથી. વળી, રેકર્ડ વંચાણે લેતાં હાલનો કેસ આશરે **ચાર વર્ષ** જેટલો જુનો છે અને હાલના કામે ફરિયાદીને અવારનવાર તક મળવા છતાં કેસ આગળ ચલાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદી તરફે વકીલશ્રીએ પણ છેલ્લા લાંબા સમયથી કેસ કાર્યવાહીમાં આરોપીને સમન્સની અસરકારક બજવણી કરવા કે નવું સરનામું રજુ કરવાની પણ દરકાર લીધેલ નથી. વધુમાં ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજ્યની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરિયાદી પોતાની ફરિયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરિયાદીની ફરિયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સંબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે. આ સંજોગોમાં કિ પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

256. Non–appearance or death of complainant

(1) If the summons has been issued on complaint and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the

complainant does not appear, the Magistrate shall notwithstanding anything herein before contained, acquit the accused unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day:

Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

આમ, કેસનું રેકર્ડ તથા કિ.પ્રો.કોડની કલમ-૨૫૬ ની જોગવાઈ વંચાણે લઈ, ફરિયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક આપવા છતાં પોતાના કેસમાં આરોપીને બજવણી થઈ શકે તેવુ સરનામું રજુ કરવામાં કે આરોપીને ફરીયાદમાં જણાવેલ સરનામે બજવણી કરવામાં સદંતર નિષ્ફળ રહેલા છે. તે સંજોગોમાં હાલના કામે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-//હુકમ//-**

હાલનાં કામે ફરિયાદી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૬ ની જોગવાઈ પ્રમાણે ફરિયાદી તરફથી આરોપીનું નવું સરનામું રજુ નહીં કરવા સબબ આરોપીને નિર્દોષ ઠરાવી ફરિયાદીનો કેસ ડીસમીસ ફોર ડિફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:** અમદાવાદ

**તારીખ: ૨૯/૧૧/૨૦૨૫**

**(રવિ એસ. ટહેલીચાણી)**

૪૧ મા એડી. ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ,

કોર્ટ નં.૫૧

અમદાવાદ. **જીજે ૦૧૩૪૬.**